Criminal Case No.૫૮૧/૨૦૨૩
રજુ તારીખ:– ૦૫/૧૦/૨૦૨૨
દાખલ તારીખ:– ૦૫/૧૦/૨૦૨૨
ફેસલ તારીખ:– ૧૩/૦ ૫/૨૦૨૩
અવધિ : વર્ષ : માસ : દિવસ :

**ગઢડાના મહેરબાન એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં**

**ફો.કે.નં. ૫૮૧/૨૦૨૩**

આંક–

શ્રી સરકાર. ........ફરીયાદી

**વિરુધ્ધ**

બહાદુરભાઈ જટુભાઈ સાથળીયા, ઉ.વ. ૪૦ ,
રહે. ગઢડા, રોજમાળ, તા. ગઢડા, જી. બોટાદ

...... આરોપી.

**ગુન્હો:– જી.પી.એકટ ૧૨૨(સી) મુજબ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ ગઈ તા. ૦૪/૧૦/૨૦૨૨ ના રોજ ક. ૨૩/૪૫ વાગ્યે રોજમાળ ગામે રાત્રીના અંધારામાં બંધ મકાનો તથા કેબીનોના તાળા ફંફોળતો લપાતો છુપાતો કોઈ મિલકત વિરૂદ્ધનો ગુન્હો કરવાના ઈરાદે શકમંદ હાલતમાં મળી આવી તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતા ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ જી.પી.એ.ક.૧૨૨(સી) મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે આરોપી હાજર થતા તેઓને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ તેઓએ સદર ગુન્હાની કબુલાત પુરસીસ આપેલ છે જે આ કામે આંક–(**૨**) થી રજુ છે. ત્યારબાદ આરોપીઓને તેની સામેના ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ અંગે સમજ આપવામાં આવેલ છે અને આરોપીઓને ગુન્હાની કબુલાત બાબતે પુછતા તેઓ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાવે છે તેમજ તેમની મૌખિક રજુઆતમા એવુ જણાવે છે કે તેઓ ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે તેઓનો આ પ્રથમ ગુન્હો છે ફરી આવો ગુન્હો ન કરવાની ખાતરી આપે છે જેથી દયા ભર્યો હુકમ

કરવા અરજ કરેલ છે. ત્યારબાદ આરોપીની આંક-( ૩ ) પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં પણ ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.

૨. આરોપી સામેના ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા આરોપી ગુન્હો સ્વેચ્છાએ કબુલ કરતા હોય અને કબુલાત પુરસીસમાં જણાવ્યા મુજબ આરોપીનો આ પ્રથમ ગુન્હો હોય તથા નામદાર ગુજરાત વડી અદાલતના ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં-૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર ઠાકોરના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાઈ આવે છે જેથી નીચે મુબજ ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

## આ ખ રી હુ ક મ

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૨૫૨ મુજબ ધી જી.પી.એકટ કલમ ૧૨૨(સી) અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવી જી.પી.એક્ટની કલમ ૧૨૨-સી મુજબના શીક્ષાપાત્ર ગુનાના ભંગ બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ચૂકાદો આજ રોજ તા. ૧૩/૦૫/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી, સંભળાવી, મારી સહી-સિકકો કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩

(એ.જે. વાસુ)
એડી જ્યુડિશ્યિલ મેજીસ્ટ્રટ ફર્સ્ટ કલાસ
ગઢડા, જી. બોટાદ